(4) He wanted to know whether she is singing.
(5) I did not say what she will do next.
(6) I thought that Laxmi has passed out.
(7) Tell me if I am wrong.
(8) He played when I write.
(9) He broke his bone because he falls down from a tree.
(10) I proved that the dog is rabid.

LESSON XVII

ANALYSIS

1. તમને સાદા (Simple) વાક્યોની Analysis કરતાં તો આવડે છે. વાક્યોના બે મુખ્ય ભાગ Subject અને Predicate તેમજ એ દરેકનાં Enlargements કે Extensions વિષે તમે શીખી ગયા છો. આ પુસ્તકમાં Present અને Past Participles વિષે તમે શીખ્યા છો. Analysis માં Present કે Past Participles વાળાં Phrases (શબ્દસમૂહો) ક્યાં મુકાય તે જોઈએ:—

2. **Analyse :—**

(1) The boy *flying kites* fell down.

(2) The girl *fetching water from the well* has not come yet.

(3) The book *bought by you yester-day* is not lying on your table.

(4) Return the book *lent to you yester-day.*

પહેલાં ત્રણ વાક્યોમાં Italics માં મૂકેલાં phrases, subject ને ઓળખાવે છે. એટલે કે એનો ઉપયોગ વિશેષણ જેવો છે. માટે તેને Enlargement of Subject ના ખાનામાં મુકાય અને છેલ્લા વાક્યમાં Italics માં મૂકેલું phrase કર્મ (book) ના enlargement તરીકે મુકાશે.

3. **Analyse :—**

(1) The man was killed *by the tiger.*

(2) The cat was chased *by the dog.*

(3) He was given *a rupee* by you.

(4) A rupee was given *him* by you.

(5) A rupee was given *to him* by you.

પહેલાં બે વાક્યમાં Italics માં મૂકેલાં શબ્દસમૂહ Extension of Predicate માં મુકાય છે. કારણ કે તે Adverb Phrase છે. (Preposition ની મદદથી બનતું શબ્દસમૂહ **સામાન્ય રીતે** Adverb તરીકે વપરાય છે.)

4. Analyse :—

(1) He is *rich.*

(2) He is a *rich man.*

(3) The horse became *restive.*

(4) We elected him *President.*

(5) They made me *work.*

(6) Let me *go.*

(7) You saw him *go.*

(8) We heard him *say so.*

Italics માં મૂકેલા શબ્દ કે શબ્દસમૂહો Complements છે માટે Verb અથવા તો Object નાં ખાનાંની પાસે જુદું Complement નું ખાનું દોરી તેમાં તેને મૂકવાં.

ઉપરનાં બધાં વાક્યોમાં એકજ ક્રિયાપદ અને એકજ કર્તા છે માટે એ બધાં Simple Sentences કહેવાય.

5. Now examine the following sentences :—

The man was working in the field *and* the woman was cooking in the house.

Magan went out to play *but* Chhagan stayed in his room.

Come here *or* go away.

He was ill *therefore* he did not go.

એ વાકયો તપાસતાં માલૂમ પડશે કે દરેક વાક્ય બે સાદાં વાકયો મળીને થયું છે, અને તે બન્નેને છૂટાં છૂટાં લખવાને બદલે Italics માં મૂકેલાં Conjunctions થી જોડ્યાં છે. એટલોજ એ બે વાકયો વચ્ચે સંબંધ છે. એક ભાગનું વાક્ય બીજા ભાગના વાક્યમાંના

કોઇપણ શબ્દ સાથે સંબંધ રાખી તેનાપર આધાર રાખતું નથી. માટે એ બન્ને વાકયોને આપણે સ્વતંત્ર (Independent) કહીશું. આ રીતનાં Independent વાકયોથી બનતાં આખાં વાકયોને અંગ્રેજી વ્યાકરણમાં Compound Sentence કહે છે.

યાદ રાખો :—A Compound sentence is made up of two (or more) independent clauses.

Clause એ Sentence જ છે. પણ મોટાં વાકય (Sentence) ને બનાવનાર પેટા વાકયને Clause કહે છે.

ઉપરનું દરેક Sentence બબ્બે Clauses નું બનેલું છે.

6. Compound Sentence ની Analysis લગભગ Simple Sentence જેવીજ છે. સહેજ ફેર છે તે જુઓ.

Sentence : Come here or go away.

Kind : Compound, made up of two clauses.

(Tabular Analysis–ખાનાં પાડી પૃથક્કરણ.)

clauses	connective	subject	enlarg.of subj.	verb	object or complement	extension
1 come here	—	(you)	—	come	—	here
—	—	—	—	--	—	—
2 go away	or	(you)	—	go	—	away

7. Analyse the following sentences :—

(1) You have read the book again and again.

(2) You have forgotten me but I cannot forget you.

(3) Either accept it or reject it.

(Connective : either........or)

(4) He neither begged his pardon nor did he pay the price.

(Connective : nither........nor)

(5) Do not spoil the water, otherwise I will punish you.

8. Now study the following sentences :—

(1) They came and conquered.
(2) We went and saw him.
(3) Sumant to Delhi and Savitri to Calcutta.
(4) Give me a pen and him a pencil.
(5) Either you must go or I.
(6) He worked slowly but (he worked) steadily.
(7) Bhanushankar is poor but (he is) happy.
(8) Boys as well as girls must be educated enough. (=Boys must be educated enough as well as girls must be educated enough.)

ઉપરનાં બધાં વાક્યો બે વિચારને દર્શાવવા વપરાય છે પણ એ બે વાક્યોને ટુંકાવીને લખવામાં આવ્યાં છે માટે એને Compound Sentences કહેવાં.

Analysis કરતી વખતે કૌંસમાં આપેલા શબ્દો મૂકી આપી Clauses લખવાં *e. g.*

The seventh sentence may be analysed thus :—
Bhanushanker is poor but he is happy.
Kind :—Compound sentence with two clauses.

clauses	connective	subject	verb	complement
Bhanushankar is poor	—	Bhanushankar	is	poor
He is happy	but	he	is	happy

9. Now study the following sentences :—

(1) Malti and Madhukanta are friends.
(2) Rice and bread is our daily food.

(3) Both Ramchandra and Ramesh went to school.
(4) He wants both the pen and pencil.
(5) Mohan and Magan played together.

ઉપરનાં વાક્યોમાં બે વિચાર નહિ પણ એકજ વિચાર લખાયો છે. વળી એને છૂટાં લખવાનો પ્રયાસ કરવો ફાવશે નહિ.

પહેલું વાક્ય આમ નહિ લખાય–Malti are friends વગેરે.

બીજું–વાક્યનો એક વિચાર છેજ. બે વિચાર કે બે વાક્ય હોત તો is નહિ પણ are ક્રિયાપદ વપરાત.

ત્રીજું–Both Ramchandra went to school એમ બોલાય નહિ. Subject નો મુખ્ય શબ્દ Both છે. Ramchandra and Ramesh, both શબ્દ નો અર્થ ચોખ્ખો કહે છે.

ચોથું ને પાંચમું વાક્ય સમજવું સહેલું છે.

માટે ઉપરનાં બધાં વાક્યો Simple Sentences છે.

10. Now read the following sentence :—
Malti and Madhukanta went to school.

આ અને એનાં જેવાં વાક્યો છૂટાં પાડી શકાય. *e. g.* Malti went to school. Madhukanta went to school. અને તેથી તેને Compound Sentence કહી શકાય પણ એ વાક્યનો અર્થ Both Malti and Madhukanta went to school વાક્યના અર્થ કરતાં જુદો નથી. એટલે બીજું વાક્ય Simple તો પહેલું પણ Simple ગણવું. એમ કેટલાક વ્યાકરણકારોએ છૂટ મૂકી છે. તેથી એવા વાક્યોમાં and... both ગણી લઈ નીચે પ્રમાણેનો નિયમ ઘડીએ.

નિયમ :—ક્રિયાપદ એકજ હોય ત્યારે and થી જોડાયલા Subject, Object, Adjectives (Complements તરીકે) કે Adverbs વાળાં વાક્યોને Simple Sentences ગણવાં.

***Magan and Moti* played in the evening. (Subject)**

He is *good and wise.* (Complement)

He spoke *wisely and well at the meeting.* (Extension)

You and I **going together for a drive, saw Uttam and Narahari standing by the road talking.**

એ બધાં વાક્યો Simple છે.

યાદ રાખો :—જો વાક્યો *and* સિવાયનાં Conjunction થી જોડાયાં હોય તો ચોખ્ખાં બે વિચારવાળાં તે બે વાક્યજ થાય છે. *e. g.*

He is good but not clever.

He is a fool or a rascal.

You spoke well but not fluently.

એ ત્રણે વાક્યો Compound છે.

11. Analysis of one of the above sentences :—

Sentence :—You and I going together for a drive saw Uttam and Narahari standing by the road talking.

Subject	Enlargement.	Verb	Object and its enlargement.	Extension
You and I	going...drive	saw	Uttam and Narahari ... ...talking.	

12. Analyse the following sentences :—

(1) You should do it now or you would never be able to do it at all.

(2) He praised the boy and rewarded him.

(3) He fired a shot but missed the tim.

(4) Arrest him and put him into prison.

(5) The dog in the manger neither ate the hay nor allowed the ox to eat it.

(6) He lost his way in the desert and died of hunger and thirst.

(7) He was honest and never cheated anyone.

LESSON XVIII

DIRECT & INDIRECT SPEECH

તમે શીખી ગયા છો કે Indirect Speech માં ઘણી ખરી વખતે Pronouns બદલવાં પડે છે. તે યાદ કરી જશો તો નીચેની વિગત તમને તાજી થશે.

1. **The first Person Pronouns (*I* and *We*) are changed to agree with the subject of the Verb 'say'.**

Direct Speech નાં વાક્ય "I am going" માં say (કે says) ના કર્તા પ્રમાણે પહેલા પુરુષ સર્વનામના શા શા ફેરફાર થાય છે તે નીચે આપ્યા છે:—

Direct speech	Indirect speech
He says, "I . . . ."	He says that *he* . . . .
She says, "I . . . ."	She says that *she* . . . .
You say, "I . . . ."	You say that *you* . . . .
I say, "I . . . ."	I say that *I* . . . .
They say, "we . . . ."	They say that *they* . . . .
You say, "we . . . ."	You say that *you* . . . .
We say, "we . . . ."	We say that *we* . . . .

2. **The Second Person Pronouns are changed to agree with the person spoken to : *e.g.***

She says to *me,* "You . . . . . ." She says that *I* . . . . . .
She says to *us,* "You . . . . . ." She says that *we* . . . .
She says to *you,* "You . . . . . ." She says that *you* . . . .
She says to *him,* "You . . . . . ." She says that *he* . . . .
She says to *her,* "You . . . . . ." She says that *she* . . . .
She says to *them,* "You . . . . . ." She says that *they* . . . .

3. The third Person Pronouns are changed or unchanged as under :—

(*a*) If the person meant is not there on the spot, there is no change. *e.g.*

Direct	Indirect
She says, "*He* is happy."	She says that *he* ....

(*b*) If the person meant is the person spoken to, the change is to the second Person Pronoun. *e.g.*

Direct	Indirect
They say, (talking about you "*He* is happy."	They say that *you* are happy.

(ઉપરના વાક્યમાં Indirect Speech માં reporter કોણ છે?)

(*c*) If the person meant is the person reporting the speech, the first person Pronoun is used :—

Direct	Indirect
He says (talking about *me*) "*He* is happy."	He says that *I* am happy.
You say, (talking about *us*) "*They* are happy."	You say that *we* are happy.

યાદ રાખો :—(1) ઉપરનાં બધાં વાક્યોમાં speech report કરનાર, વાંચનાર–બોલનાર પોતેજ–એટલે કે (I) છે.

(2) તમે જોયું હશે કે ઉપરનાં વાક્યોમાં Indirect Speech માં જ્યાંથી reported speech શરૂ થાય છે ત્યાં આગળ *that* Conjunction મૂક્યું છે. એ *that* ઘણી ખરી વખત ન મૂકો તોયે ચાલે.

4. Change the following sentences into the Indirect (Reported) Speech :—

(1) They say, " We are sorry to part company with you." (Add the person or persons talked to and then try it in as many ways as you can.)
(2) I say to you, "You must be present in time."
(3) I say to her, " You must start soon."
(4) We shout to them, " We are not leaving that day."
(5) They rebuke me, " You should not have ill-treated that poor boy."
(6) You threaten him, " I must fine you for your misconduct."
(7) He cries out loudly, " They must return you your money."

5. તમે Sequence of Tenses વાળા પાઠમાં શીખી ગયા છો કે અંગ્રેજીમાં ભૂતકાળની વાત ભૂતકાળમાંજ થાય છે. જેમકે,

Gujarati	English
(૧) તેણે મને પૂછ્યું તમે કયાં **જાઓ છો ?**	(1) He asked me where I *was going.*
(૨) હું જાણતો ન હતો કે તે **માંદો છે.**	(2) I did not know that he *was ill.*
(૩) ત્યારે તમને માલુમ પડયું કે રતિલાલ **જૂઠો છે.**	(3) Then you saw that Ratilal *was a liar.*

6. Indirect (Reported) Speech માં પણ આજ નિયમનો અમલ કરવો પડે છે. *e. g.*

Direct	Indirect
(1) I asked him, " How old are you ? "	(1) I asked him how old he was.
(2) He replied, " I am going away to Bombay."	(2) He replied that he was going away to Bombay.
(3) You told me, " You are foolish."	(3) You told me that I was foolish.

7. ત્રીજા ભાગમાં જે નમૂનાનાં વાકયો લીધાં હતાં તે અત્રે લઇએ. પણ વાત ભૂતકાળમાં ફેરવીએ :—

Direct Speech :—The girl said to the brother, " I am very tired. I can not walk any more. I do not want to go to the fair. You may go alone if you like."

Indirect Speech :—The girl said (that) :—She was very tired. She *could* not walk any more. She did not want to go to the fair. He *might* go alone if he liked.

નોંધ :—can નો ભૂતકાળ could.
may ,, might
shall ,, should
will ,, would

8. Change into the Indirect Speech :—

(1) He said to you, " You are late."
(2) You replied, " It is not my fault."
(3) We spoke, " We will not go there."
(4) They said, " You can not get the book."
(5) She advised us, " You may reach there at five."
(6) We replied, " We shall try."

9. Study the following sentences :—

Direct speech :—

He said, " I go there everyday."
" I went there once."
" I shall go there once."
" I am going to Karachi."
" I have been writing in the morning."
" I shall be leaving the place soon."
" I have broken the glass."
" The child had dropped the bottle before the mother saw her."

Indirect speech :—

He said that he *went* there everyday.
he *had gone* there once.
he *would go* there once.
he *was going* to Karachi.
he *had been writing* in the morning.
he *would be leaving* the place soon.
he *had broken* the glass.
the child had dropped the bottle before the mother *had seen* her.

યાદ રાખો:—ત્રીજા અને છઠ્ઠા વાકયમાં 'shall' ને માટે 'should' ને બદલે '*would*' કેમ મુકાયું ? (I ની સાથે shall આવે પણ he ની સાથે 'will' આવે અને તેથી will નું would થયું.)

10. Study the following table to note the changes of tenses when the Speech reported is in the past tense :

Direct speech	*is changed to*	Indirect speech
Simple Present		Simple Past
,, Past		Past Perfect
,, Future		Simple future in the Past
Progressive Present		Progressive Past
,, Past		,, Past Perfect
,, Future		,, Future in the Past
Present Perfect		Past Perfect
Past Perfect		Past Perfect
Future Perfect		Future Perfect in the Past

Remember : When a Direct Speech in the Past Tense is to be reported, you have to think of *changing both the Pronouns and the Tense.*

11. Change the following sentences into Indirect form of Speech :—

(1) The judge said to the prisoner, "You are guilty."

(2) My brother said to me, "You have not prepared your lessons."

(3) I said to him, "The teacher will not punish me because I had some other work to do."

(4) You said to him, "I am not reading for law."

(5) He said to you, "I have been attending school for two years."

(6) My father spoke to him, "You would not have lost your money if you had followed my advice."

(7) He said with tears in his eyes, "I am sorry for what I did then."

(8) The mouse promised the lion, "You have spared me my life and therefore I will help you in your time of troubles.

In as many ways as you can.

(9) I said, "You can not go away."

(10) You said, "You can not threaten like that."

(11) He said, "You are not wise in quarrelling like that."



PART II—COMPOSITION

(A) STORY-WRITING

Story-telling is a good exercise for learning a language. You should read a story very carefully, remember the order of events, and then tell the story in the best and most attractive manner. Do not repeat unimportant matter.

This will be a good preparation for the writing of stories. Out-lines of stories are given to you here. You are not simply to fill in the blanks. You should connect the points and breathe life into them. You should make full use of your imagination and make your story as interesting as you can.

HINTS

(1) You should understand the main points thoroughly and remember the proper order of events.

(2) Bring out the important points carefully but pass over unimportant ones.

(3) Introduce, where possible, dialogue and Direct Speech. It makes a story more natural and life-like.

(4) Use your imagination while filling in details to connect one point with another.

(5) Keep to the order in which the points are given in the out-line.

(6) The beginning and the end of the story should be given in an interesting manner.

A specimen is given below to guide you in your work :—

Outline

A crow finds a cake—a fox sees it—wants the cake for himself—praises crow's beauty and voice—the vain crow opens his mouth to sing—fox gets the bread and runs away.

Reproduced Story :—

THE FOX AND THE CROW

A big black crow was one day sitting on the branch of a tree in front of a house. The window was open and he saw a nice cake on a table.

The crow peeped into the room. When he did not see any one there, he hopped to the table, took the cake into his beak and flew away to a tree not far away.

Now it so happened that a fox, who was passing by, saw him. He, too, was fond of cake and wanted to get it for himself. He hit upon a plan. He came and sat under the tree and began to talk to the crow. The fox said, " My good friend, you seem to be a very handsome bird. Your fine black feathers are far nicer than those of any other bird."

The crow was pleased but did not open his mouth through fear of losing the bread. The fox made one more attempt.

" I have heard," said he, " that a crow sings better than a lark or a cuckoo. Will you not oblige me by singing a few notes ?"

The vain crow much pleased at the nice words of the fox, opened his mouth and uttered a loud " caw ! "

The bread dropped to the ground and the clever fox ate it up quite pleased at the success of his trick.

Make out complete stories from the outlines given below and suggest a suitable title for each :—

(1) An old man and his sons—sons quarrelled among themselves—none helped the other—father grieved—wanted to teach them a lesson—asked each of them to break a bundle of sticks—in vain—broke easily one stick at a time—" A man with three brothers is four men."

(2) A hare laughs at the slowness of a tortoise—runs a race—hare much in advance—rests a while and goes to

sleep—tortoise reaches the goal—laughs at the hare's expense.

(3) Some men sawing wood to build a house—rested at noon—went home placing a wedge in the cut—young monkey's pranks—sat into the cut and pulled out the wedge—crushed to death.

(4) An ant falls into water—cries for help—a dove flying overhead—throws a small piece of wood—carries the ant out on it—next time a bird catcher is seen hiding—the ant warns the dove—the dove is saved.

(5) A pool of water with many frogs—an old snake—king of frogs wanting to know the reason of his coming—snake's story of a brahmin's curse—certain death if he eats a frog without the permission of the king of frogs—snake's desire for penance—wants to carry the king on his head for a ride—king is glad—carries the frog to some distance—inability to move for want of food—was offered a frog to eat —same story repeated everyday—snake's last meal was of the king himself.

(6) A fox falls into a well—unable to get out—a goat passes by—invites the goat—" clear, cold, nice water "—jumps down—fox thinks of a plan to go out—jumps out over goat's back—leaves the goat to his fate.

(7) A wood-cutter drops his axe into a river—prays to God to return his axe—some one out of the water comes up to him with a golden axe—not accepted—same with a silver axe—glad to get at last his own axe—reward for his honesty.

(8) A cat hiding behind a tree—jumps out and catches a cock—cock pleads innocence —" you disturb me in sleep" —" I crow only in the morning "—" That is the time for sleep after working all night "—cock eaten up.

(9) Eggs of a crow in a nest on a tree—eaten up by a snake—the crow consults fox—flies away with the king's diamond ring—drops it into the snake's hole—snake killed by king's men.

(10) An ass carrying a load of salt—fell by accident into a stream—found his load lighter—again loaded with salt—fell into the stream on purpose—master saw through the trick—loaded the ass with wool —wool swollen with water—load became heavier.

(11) A fisherman with a beautiful large fish for a king —king's gateman wants half the share—agrees—fisherman asks for fifty lashes as the price of the fish—receives twenty-five—" Stop, I have a partner "—gateman called in to receive his share—gateman dismissed—fisherman rewarded .

(12) A fox and an ass out to hunt— meet a lion—frightened—fox promises lion to get the ass for him—lion agrees—ass led into a deep pit—lion seizes the fox first and attacks the ass at leisure.

(13) A merchant going home with a bag of money—a thief follows him—steals away the bag from the table —servants suspected—thief feels for the innocent servant —returns with the money bag—wants receipt for the bag found by him—the man goes inside to pass a receipt—thief goes off.

(14) A miser buries a lump of gold—looks at it every day—his movements watched—gold stolen—miser's grief—neighbour's advice—" Place stone in place of gold."

(15) A cart full of heavy bags—stuck in the mud—cried out to the Gods for help—a big strong man before him—asked to put his shoulder to the wheel—man was able to lift the wheel out of the mud—Moral.

(16) Two friends travelling—promised to stand by each other—sudden appearance of a bear—the light fellow climbed a tree—the other fell flat holding his breath—bear smelt at him—thought him to be dead—"What did the bear say to you ?"—"Trust no longer a false friend."

(17) King of beasts dies—meet to elect a new king—pleased with the dance and tricks of a monkey—make him king—a fox wants to get rid of him—finds a trap laid into the open—describes it as a treasure—monkey goes to take it—caught in a trap—"You, a king, and not understand a trap !"

(18) Clear pool—stag sees himself—admires his horns—is ashamed of his legs—a lion after him—flees and leaves lion behind—horns caught in a tree—lion overtakes him.

(B) LETTER-WRITING.

You have learnt how to write short letters to your father, mother, brother, sister and other relatives and also to your friend, teacher and a stranger. You know that the important parts of a letter are :—

(1) *Heading.—i.e.* the address of the writer and the date on the right hand corner of the letter.

(2) The *greeting or salutation.—i.e.* the courteous manner of addressing the person to whom the letter is written.

(3) The *body* or the *text* of the letter—*i.e.* what we have to say to the person.

(4) The manner of closing the letter and the signature.

(5) The address of the person to whom we write the letter, on a post card or on an envelope which covers the letter.

2. Read the following letters :—

(*a*) Business letters.

(1)

Storesheri, Wadifalia, Surat.
2nd February 1939.

Messrs. N. M. Tripathi & Co.,
Kalbadevi Road,
BOMBAY.

Dear Sirs,

I request you to be so good as to let me know whether you have in stock the Autobiography of Mahatma Gandhi and "Glimpses of World History" by Pandit

Jawaharlal Nehru. I believe, the second book is a series in book-form of letters written by Jawaharlal to his daughter Indira while he was in jail. If you have these books, please send a copy of each by V. P. P.

Yours faithfully
Balavantrai B. Naik.

(2)

(Answer to the above.)

Kalbadevi Road, Bombay.
4th February 1939.

Balavantrai B. Naik Esq.
Storesheri, Vadifalia,
Surat.

Dear sir,

We thank you for your inquiry of the 2nd February about the Autobiography of Mahatma Gandhi and Glimpses of World History by Jawaharlal Nehru. We are sorry we are not selling these books. You may have them from the Navjivan Prakashan Mandir, Ahmedabad or even from the Khadi Bhandar of your city. We are sending you our catalogue of books which will help you to select any useful educational books.

Yours faithfully
* * *
For N. M. Tripathi & Co.

(3) LETTER TO FATHER

Vasanta English School,
Abrama,
Station Vedchha.
20th June 1939.

Dear Father,

As promised, I write to you about my new school here. You will be very pleased to know that I feel quite happy

and have begun to like my school. I find that there is something new in this school and that gives to it an advantage over my last school. It is more like a residential school though all the pupils do not stay in the hostel. Most of the pupils are in touch with their teachers almost the whole of the day. We are quite free and yet under close supervision. We begin and end our work with a prayer. We have a large play-ground where we perform drill and gymnastic exercises and play different games. We have a reading room and a library and we run our own school magazine. Our Debating Society gives us scope for expressing our thoughts and our Volunteer Corps provides us scope for social service. I need not tell you about the beautiful surroundings of the school. You know them so well. All teachers are kind and good to us and I do not feel lonely here. Please tell mother that she need not worry about me. Love to all of you.

I am
Your affectionate son
Vaikunth

(4) FATHER'S REPLY.

Athva lines,
Surat.
25th June 1939.

My dear son,

I am so very pleased to know that you are quite happy and well and that you enjoy your school life. It is my firm belief that a good school should provide all possible facilities for the healthy growth of a child and try to fit him to be a useful citizen. I am glad that your school is trying to come up to my expectation. Your mother asks me to write to you that you will not waste your opportunities and that she is watching

your progress with interest. Obey your teachers, keep your body and mind fit, cultivate a spotless character and render all possible social service.

With love from all of us,

Your affectionate father
Gaurishankar.

1. Place the following words and phrases in their proper positions on a sheet of note-paper :—

(*a*) Bombay, 52 Kalbbadevi Road, my dear brother, your loving sister Sarla.

(*b*) Surat, Manharvilla, Nanpura, your affectionate friend Pratap, My dear Vasant.

2. Say when you would use each of the following beginnings of a letter :—

(1) Dear Mr. Jagat, (2) Dear sirs (3) Dear Miss Bhadra (4) Dear Madam (5) My dear Suresh.

3. How would you conclude a letter (1) to an acquaintance (2) to a very close friend (3) to your mother (4) to your sister or brother (5) to your school master (6) to the manager of a firm ?

4. Write a letter to the *Central Sports,* Surat, ordering two good practice bats to be sent to your home address before 12 o'clock on a certain day.

5. Write a note to an electric wireman to come and attend to the electric fitting which has a leakage.

6. Write a post-card to a book-seller asking him to send you a copy of a certain book.

7. Write a note to your friend asking him (her) to dine with you on a certain day, at a certain hour, at a certain place.

8. Write and address a post-card to a friend asking him (her) to meet you at a certain place and time to go to the theatre.

9. Write a note to your friend asking him to let you have a certain book on loan for a week.

10. Write a letter to your guardian telling him how you like your hostel life.

(C) MISCELLANEOUS EXERCISES.

PLAYING SHOP (1)

Govind :—Let us play shop, Sudha. I'll be the jeweller. You can buy things from me.

Sudha :—All right. Good morning Mr. Govind, I want a ring and gold bangles. Have you silver anklets ?

Govind :—I'm sorry, I have no silver anklets in stock.

Sudha :—All right. Give me the other jewellery.

Govind :—They are thirty-four rupees a tola. You may select from this stock.

Sudha :—This is my choice.

Govind :—They weigh five tolas. Altogether that is hundred and seventy rupees.

Sudha :—Here is your money. Good-bye Mr. Govind.

Govind :—Good day, Madam.

1. Play a similar game with your friend. You are the book-seller. Write out the play.

(2)

Find a place for each of the following nouns in the list of phrases given below :—

people, ships, soldiers, puppies, pupils, cattle, bees, elephants, stones, pictures, sheep, trees, keys.

(1) A cluster of ....

(2) A set of ....

(3) A herd of ....

(4) A heap of ....

(5) A class of ....

(6) A crowd of ....
(7) A drove of ....
(8) A flock of ....
(9) A fleet of ....
(10) A swarm of ....
(11) A pack of ....
(12) A regiment of ....
(13) A bunch of ....

OPPOSITES :— (3)

Write the following sentences, in three different ways so that each of them states the opposite of the sentence given :—

e.g. The room is occupied.

(1) The room is not occupied.
(2) The room is unoccupied.
(3) The room is vacant.

(*a*) The new boy is very kind.
(*b*) His going on a journey is certain.
(*c*) Her clothes are clean.
(*d*) His manners are polite.
(*e*) What he told me is true.

(4)

Use each of these words, as many times as shown against it in the brackets :—

Fair (3), *Trunk* (3) *Match* (4)

(1) A large .... is held in Surat on the Gokul Ashtami day.
(2) Our school eleven will play a .... against city team.

(3) The elephant has a .... in front.
(4) The .... of the banyan tree is very large.
(5) Ignite the .... and light the lamp.
(6) It is not .... to cheat a poor boy out of his money.
(7) Pack carefully these clothes, in your ....
(8) Shivaji proved himself a clever .... for the mighty Aurangzeb.
(9) His handwriting is .... He must improve it.
(10) Which colour will .... with the black background ?

(5) *A GAME* : (Answers in "Yes" and "noes" only)

Sudhir :—I am thinking of a creature.

Suresh :—Is it a bird ?

Sudhir :—No, it is not.

Suresh :—Is it a beast ?

Sudhir :—Yes, it is a beast, my friend.

Suresh :—Do we ride it ?

Sudhir :—No, we don't.

Suresh :—Does it work for us ?

Sudhir :—No it doesn't.

Suresh :—Is it a domestic animal ?

Sudhir :—No, it isn't.

Suresh :—Is it ferocious ?

Sudhir :—Yes, it is.

Suresh :—Has it a striped body, sharp claws and teeth ?

Sudhir :—Yes, it has.

Suresh :—You are thinking of a tiger.

Sudhir :—Yes, that's right.

Play such game about a *parrot,* a *camel* and a *clock,* and write out the conversation.

(6)

THE PLEASURES HE LOSES

A blind boy cannot see light. He cannot see the sun, the moon and the stars. He cannot see the beautiful sky and wonderful clouds in the morning and in the evening. He loses the pleasure of watching the river run by. He cannot see boys play. He can neither see pretty pictures nor read nice books. What a joy to see a nice peacock ! We can see all these and thank God that we have eyes to see them.

Similarly write the pleasures a stone-deaf boy loses.

(7)

COMPARISONS

Look at this :—

As cold as—(water, ice, iron, glass).

The best comparison is : *as cold as ice.*

1. Put down in blanks the best comparison from among the words given in brackets :—

(1) As white as . . . . (milk, paper, ice).

(2) As soft as . . . . (wool, silk, glass).

(3) As quick as . . . . (a tiger, a cat, lightning).

(4) As light as . . . . (paper, a leaf, a feather).

(5) As hard as . . . . (wood, gold, a stone).

(6) As heavy as . . . . (Iron, Gold, Mercury).

(7) As busy as . . . . (a dog, a bee, a farmer).

(8) As brave as . . . . (a soldier, a lion, a dog).

2 Fit these words into blanks below :—

slow, blind, black, sweet, happy, sharp.

(1) As . . . . as coal.

(2) As . . . . as a needle.

(3) As . . . . as a snail.

(4) As . . . . as a bat.

(5) As . . . . as a bird.

(6) As . . . . as honey.

(D) PASSAGES FOR TRANSLATION

(૧)

શાંતિનિકેતનમાં મારા મંડળને નોખો ઉતારો આપવામાં આવ્યો હતો. મારા સ્વભાવ પ્રમાણે હું વિદ્યાર્થીઓ અને શિક્ષકોની સાથે ભળી ગયો, અને જાત મહેનતને વિષે ચર્ચા કરવા લાગ્યો. પગારદાર રસોયાને બદલે જો શિક્ષકો અને વિદ્યાર્થીઓ પોતાની રસોઈ કરી લે તો સારૂં થાય. આ વાત મેં ત્યાંના શિક્ષકો આગળ મૂકી. એક બે શિક્ષકે માથું ધૂણાવ્યું. કેટલાકને આ પ્રયોગ બહુ ગમ્યો. બાળકોને તો નવી ચીજ હોય તે ગમેજ, તે પ્રમાણે આ પણ ગમી. અને અખતરો શરૂ થયો. આ વાત કવિશ્રી આગળ પણ મૂકી. શિક્ષકો અનુકૂળ થાય તો આ અખતરો પોતાને તો જરૂર ગમે એવો અભિપ્રાય તેમણે આપ્યો. તેમણે વિદ્યાર્થીને કહ્યું, 'આમાં સ્વરાજની ચાવી રહેલી છે'. દરેક કામ વિદ્યાર્થીઓએ પૂરતા ઉત્સાહથી ઝીલી લીધું, અને આખું શાંતિનિકેતન મધપૂડાની પેઠે ગણગણવા લાગ્યું.

[આત્મકથા—ગાંધીજી]

(૨)

આ એક જુના વખતની વાત છે. હિરણ્યકશ્યપુ નામે એક રાક્ષસોનો રાજા હતો. તે બહુ અભિમાની અને ક્રૂર હતો. તેને પ્રલ્હાદ નામે એકનો એક દિકરો હતો. પ્રલ્હાદ પ્રભુનો પરમ ભકત હતો ત્યારે તેનો બાપ પ્રભુનો કટ્ટો દુશ્મન હતો. હરઘડી પ્રલ્હાદ ઇશ્વરનું ભજન કરતો. તેના બાપને એ વાત ગમતી ન હતી. એક દિવસ ગુસ્સામાં તેણે મારાઓને કહ્યું કે જાઓ, આ પ્રલ્હાદને મારી નાખો. આ સાંભળી પ્રલ્હાદે કહ્યું કે, મારો રામ સર્વ ઠેકાણે છે માટે મને તો કોઈની બીક નથી. બાપ કરતાં પ્રભુ મોટો છે. મારાઓને પણ આવા નિડર બાળકોને મારતાં જીવ ચાલ્યો નહિ. આ રીતે તેના બાપે

તેને મારવાના ઘણા પ્રયત્ન કર્યા પણ તે ફાવ્યો નહિ. એકવાર તેણે પ્રલ્હાદને અગ્નિમાં નખાવ્યો તો ઉલટો અગ્નિ ઠંડો પડી ગયો. જેને માથે રામ તેનું લઈ શકે કોણ નામ ?

(૩)

કાશ્મીરનું નામ કોણે નથી સાંભળ્યું ? આપણે આ સુંદર પ્રદેશ વિષે કુંઇક ને કંઇક તો જરૂર જાણીએ છીએ. એ આપણા દેશનો સુંદર બગીચો છે. ત્યાં જ્યાં જુઓ ત્યાં સુંદર સરોવરો અને પર્વતો આવી રહેલા છે. જાતજાતનાં સ્વાદિષ્ટ ફળો અને રંગ બેરંગી સુગંધીદાર ફૂળો ત્યાં થાય છે. ત્યાંના માણસો પણ દેખાવડા છે. તેનું મુખ્ય શહેર શ્રીનગર છે. અને તે વેનીસના જેવું સુંદર છે. ત્યાં એક શેરીથી બીજી શેરી હોડીમાં જવાય છે. તેનાં ઘરો લાકડાંનાં બાંધેલાં છે. કાશ્મીરની શાલો આખા દેશમાં વખણાય છે. ત્યાંનાં હવાપાણી સુંદર છે અને ઘણા લોકો ઉનાળામાં હવા ફેરે તેમજ કુદરતી દશ્યો જોવા ત્યાં જાય છે. ઘણા જૂના વખતમાં ઘણા પંડીતો ત્યાં વસતા હતા. ત્યાંના રાજા હિંદુ છે અને પ્રજાનો મોટો ભાગ મુસલમાન છે.

(૪)

કોઇ એક રાજા એક વખત શિકારે નિકળ્યો હતો. તાપ સખત હતો એટલે એને ખૂબ તરસ લાગી. દૂર એક શેરડીનું ખેતર એણે દીઠું. તરસ છીપાવવા તેણે ખેડૂત પાસે પાણી પીવા માગ્યું. એ કોણ હતો તેની ખેડૂતને ખબર ન હતી છતાં ખેડૂતે એને પ્યાલો ભરી શેરડીનો રસ પાયો. રાજા ઘણો રાજી થયો. તેણે વિચાર્યું, 'આ ખેડૂત કેવો સુખી છે ! આવી ફળદ્રૂપ જમીનનું તો મહેસૂલ વધારવું જોઇએ.' રાજાએ રસનો બીજો પ્યાલો માગ્યો. ખેડૂત શેરડીના બે સાંઠા કાપી લાવ્યો અને રસ કાઢવા લાગ્યો. પણ અફસોસ ! તેમાંથી રસનું ટીપું સરખુંએ નીકળ્યું નહિ. તે બોલ્યો, 'અરેરે ! આમ કેમ ? મારી શેરડીનો રસ કયાં ગયો ? શું મારી ઉપર પ્રભુ કોપ્યો છે કે રાજાની દાનત બગડી

છે?' રાજા ચમક્યો અને બોલી ઉઠ્યો, 'દોષવાન તો હુંજ છું. હું પોતેજ તારો રાજા છું. આવો સારો પાક જોઇ મને થયું કે આવી જમીનનું મહેસૂલ વધારવું જોઇએ. હે પ્રભુ, મને તું માફ કર. હવેથી મારી રૈયતના સુખેજ હું સુખી રહીશ.'

(૫)

એક શ્રીમંત બહેનને ચરખો આપતાં ગાંધીજીને તેની સાથે નીચે મુજબ રમુજી સંવાદ થયો:

'ચરખો કાંતશો અને ખાદી પહેરશો ?'

'હા, જી.'

'ક્યારથી ?'

'કાલથી.'

'પણ તમે તો પરણેલાં હશોને ?'

'હા, જી.'

'ત્યારે કેમ થશે ? તમારા પતિનું કેમ ? તેઓ ખાદી પહેરે છે ખરા ?

'શરમાતાં શરમાતાં તેણે કહ્યું 'ના.'

'ત્યારે કેમ થશે ?'

'તેમની મરજીપ્રમાણે વર્તીશ.'

'ત્યારે તમે મને વચન આપો છો તેનું કેમ થશે ?'

બાપડી મુંઝાઇ. એટલે ગાંધીજીએ પૂછ્યું, 'તમારા પતિ ઉપર તમારો પ્રભાવ કંઇ પડતો નથી ?'

વળી કંઇ સંકોચ અને શરમ સાથે કહ્યું, 'પડે છે!' 'બસ ત્યાર પછી શું ? તમે પહેરજો અને પહેરાવજો.'

'હાં', કરીને બહેન હસી, અને વચન પાળવાની કોશિશ કરીશ, કહીને રજા લીધી.

[નવજીવન]

(૬)

ઉપવાસના નિયમો

૧. પ્રથમથીજ શારીરિક તથા માનસિક શકિત સાચવી રાખવી.

૨. ઉપવાસ દરમ્યાન ખોરાકનો વિચાર ન કર્યા કરવો.

૩. જેટલું ઠંડું પાણી પી શકાય તેટલું પીવું અને તેમાં સોડા તથા મીઠું નાખવાં. પાણી થોડા થોડા પ્રમાણમાંજ લેવું.

૪. દરરોજ ઊના પાણીમાં ભીંજવેલા લુગડાથી શરીર લૂછવું.

૫. ઉપવાસ દરમ્યાન નિયમિત રીતે દરરોજ પિચકારી લેવી.

૬. જેમ બને તેમ ખુલ્લી હવામાં સૂવું.

૭. સવારના સૂરજના પ્રકાશમાં બેસવું.

૮. ઉપવાસ સિવાય કોઇ પણ બીજી બાબતનાજ વિચાર કરવા.

૯. એ અમૂલ્ય સમયમાં ઇશ્વરનું સ્તવન કરવું.

જો કબજીઆત થઇ હોય કે માથું દુખતું હોય તો ઉપવાસ કરવા. જો તાવ હોય અગર અજીર્ણ થયું હોય તો ઉપવાસ કરવા. ખૂબ ક્રોધ ચઢ્યો હોય કે મન વ્યગ્ર હોય તો પણ ઉપવાસ કરવા.

[નવજીવન]

(૭)

પારસીઓનું અસલ સ્થાન ઇરાન હતું. તેઓ એક રાજ કરતી પ્રજા હતી. સંકટના સમયમાં, પોતાના ધર્મની રક્ષા માટે તેઓ માતૃભૂમિ છોડી હિંદુસ્તાનમાં આવી વસ્યા. તેઓ અગ્નિના પૂજક છે. તેઓના ધર્મના સ્થાપક જરથોસ્ત હતા. જરથોસ્ત મન, વાણી અને કર્મથી પવિત્ર રહેતા. તેમણે પોતાની બાપની મિલ્કતમાંથી કંઇયે ન લીધું. એક વખત જ્યારે મુલ્કમાં દુકાળ પડ્યો ત્યારે એમણે પોતાને ત્યાંથી ઘાસ આપી બને તેટલાં ઢોરોને જીવતાં રાખ્યાં. આ તેમની જીવમાત્ર પ્રત્યેની દયાનો દાખલો છે. તેમણે એક પવત ઉપર ઇશ્વરચિંતનમાં

દશ વર્ષ ગાળ્યાં. ત્યાં તેઓ માણસ તરફની પોતાની ખરી ફરજ શીખ્યા. તેમણે જે ઇશ્વરી જ્ઞાન મેળવ્યું તેનો લોકોના ભલા માટે ઉપદેશ કર્યો. આજે દુનિયાને મહાવીર, જરથોસ્ત, મહમદ, ક્રાઇસ્ટ, રામ, કૃષ્ણ અને બુદ્ધ જેવા મહાપુરૂષોની બહુજ જરૂર છે.

(૮)

કોઇ એક ઉંદરને એક વખત ખેતરમાંથી કપાસનું જીંડવું મળ્યું. તે લઇને તે એક પીંજારા પાસે ગયો. પીંજારાએ તે રૂ તેને પીંજી આપ્યું. એટલે ઉંદર તે લઇ એક ડોશીમા પાસે ગયો અને કહ્યું, 'મા, મહેરબાની કરી આટલું રૂ મને કાંતી આપશો?' ડોશીમા એ તે કાંતીને સૂતર બનાવ્યું. સૂતર લઈ તે વણકર પાસે ગયો. વણકરે સૂતરને શાળમાં વણી કપડું બનાવ્યું. ઉંદરે વણકરનો આભાર માન્યો અને કપડું લઇ ચાલતો થયો. ત્યાર પછી તે દરજી પાસે ગયો અને બોલ્યો, 'દરજી ભાઇ, આનું મને ખમીશ શીવી આપશો?" દરજીએ તેને ખમીશ શીવી આપ્યું અને તેણે તે લઇ પહેર્યું અને રાજી રાજી થયો!

(૯)

દ્વારકા કાઠિયાવાડના પશ્ચિમ કિનારા ઉપર આવેલું એક પુરાણું શહેર છે. શ્રીકૃષ્ણના વખતમાં યાદવોનું એ રાજધાનીનું શહેર હતું. એ વખતે એની ખુબ જાહોજહાલી હતી. એમ કહેવાય છે કે એની ફરતે સુવર્ણનો કોટ હતો. ત્યાં ગોમતી નદી સમુદ્રને મળે છે. તેથી તે જગા જોવા જેવી છે. નદીની ઉત્તરે પત્થરનો એક સુંદર ઘાટ બાંધેલો છે. ત્યાં યાત્રાળુઓ સ્નાન કરીને પાવન થાય છે. ત્યાં રણછોડરાયનું મંદિર જોવા જેવું છે. તે ગોમતી નદીને કાંઠે છે. ત્યાં દેશ પરદેશથી દર વર્ષે હજારો યાત્રાળુઓ દર્શન કરવા આવે છે. લોકોને રહેવાને કેટલીયે ધર્મશાળા છે. શંકરાચાર્યે ધર્મના રક્ષણ માટે ચાર મઠો સ્થાપ્યા હતા. તેમાંનો એક મઠ દ્વારકામાં છે. તે હાલ વડોદરા સરકારને તાબે છે. તેની પાસેના ઓખા બંદરે દેશપરદેશથી મોટી મોટી આગબોટો આવે છે.

(૧૦)

મારે વકીલ થવું છે. કાયદાનો મને રસ છે. પણ હું એક ગરીબ અમલદારનો દીકરો. મારા બાપને પાંચ દીકરા, તેમાંનો સૌથી મોટો હું. તેને શીખવવાનું સાધન કશું ન મળે. મારાથી ઘર છોડી પરિસમાં ભણવા શી રીતે રહેવાય ? મારી માની કરકસર અને ઘરરખુપણાની કલ્પના ન થઇ શકે એવી વાત છે. છતાં તે પણ જેમ તેમ ઘર ચલાવતી. ભણવા માટે તો હું માબાપ પાસે મદદ શી રીતે મેળવી શકું ? મૅટ્રિકનો અભ્યાસ કરીને હું મારા એક સગાપાસે મોટર ચલાવતાં શીખ્યો, અને મેં શોફરનો પરવાનો મેળવ્યો. એક દિવસ મોટર હાંકતાં હાંકતાં મને મારા જીવનના પ્રશ્નની ઉકેલ એકાએક જડી ગઈ. મને થયું પૅરિસમાં કાયદાની કૉલેજમાં જવું શોફર તરીકે નોકરી તો મળેજ. તેમાંથી કૉલેજનો ખર્ચ કાઢવો ! બસ, મને કુંચી મળી ગઇ.

[નવજીવન]

(૧૧)

હિંદુસ્તાનમાં ભાગ્યેજ કોઇ બાળક એવું હશે કે જેણે લંકાનું નામ ન સાંભળ્યું હોય. જે રામનું નામ જાણે છે તે રાવણનું યે જાણે છે ને લંકાનું યે જાણે છે. રામ એક કાળે લંકાના દુષ્ટ રાજાનો નાશ કરવા માટે લંકા આવ્યા હતા. તેમણે તે રાજા ઉપર જીત મેળવી, પણ પેલા દુષ્ટ રાજાના ભાઇ વિભીષણને લંકાનું રાજ્ય પાછું આપ્યું. ત્યારપછી ઇ. સ. પૂર્વે ત્રીજા સૈકામાં બૌદ્ધ રાજા અશોકના પુત્ર નિષ્કિંદ અને પુત્રી સંગમિત્રાએ અહિં બૌધ ધર્મનો પ્રચાર કરેલો. ત્યારથી તે આજ સુધી એક બૌધ દેશ તરીકે લંકા વિખ્યાત છે. બીજો ઐતિહાસિક સંબંધ પણ છે. લંકાનો પ્રથમ રાજા વિજય ભારતવાસી હતો. એ સિંહલ રાજાના વંશજોનું રાજ્ય અનેક વર્ષો ચાલ્યું, અને તેને લીધે લંકાનું નામ સિંહલદ્વીપ પણ પડયું છે. એટલે અનેક રીતે લંકા ભારતમાતાનું બચ્ચું છે. લગભગ ચારસેં વર્ષો ઉપર લંકા ઉપર યુરોપે પોર્ચુગીઝ લોકો મારફત ચઢાઈ કરેલી. તેમણે દોઢસો વર્ષ રાજ્ય કર્યું, તેમાં અનેક

મંદીરો તોડ્યાં અને અનેક બૌધોને વટાળ્યા. પછી વલંદા આવ્યા, અને પછી ૧૮૧૫ થી અંગ્રેજનો અમલ શરૂ થયો.

[**નવજીવન**]

(૧૨)

એક ગામડાંની આંબાવાડીમાં કેટલાંક છોકરાં રમતાં હતાં. તેઓ વાંદરાને રંજાડતાં હતાં. મોટાં છોકરાંને તો તેમાં બહુ ગમત પડતી હતી. રમત લાંબી ચાલી તેવામાં એક છેડેથી તીણી ચીસ સંભળાઇ. બધાં છોકરાં એ તરફ દોડ્યાં. નાનો રમણ એક મોટી વાંદરીના સપાટામાં આવી ગયો હતો. કુદાકુદમાં એ વાંદરીનું બચ્ચું ઝાડ ઉપરથી પડી ગયું. રમણે તે ઊંચકી લીધું. વીફરેલી વાંદરી રમણ ઉપર તુટી પડી. તેને હાથે અને મોંહે બચકાં ભરી લીધાં.

બધાં છોકરાં બૂમો પાડ્યાજ કરે, ' છોડી દે; તું એ બચ્ચા ને છોડી દે '. પણ રમણ એવો હેબતાઈ ગયો હતો કે બધાં શું કહે છે તે એ સમજેજ નહિ. કોઇ છોકરાની પણ પાસે જવાની હીંમત ન ચાલે, અને પેલી છંછેડાયેલી વાંદરી તો એને પીંખ્યાંજ કરે. એટલામાં એક દેવો નામનો અંત્યજનો છોકરો આગળ ધસ્યો અને તેણે રમણનાં હાથમાંથી બચ્ચું લઇ લીધું. વાંદરી રમણને છોડી, દેવા પર કુદી. પણ દેવો તો બચ્ચાને એકદમ નીચે મૂકી જમીનપર લાકડી પડી હતી તે લઈ, વાંદરીની સામો થયો. એટલે વાંદરી પોતાના બચ્ચાને લઇને નાઠી. બચ્ચાને પોતાના પેટે વળગાડી વાંદરી તો કુદતાંને ઝાડની છેક ટોચે જઇને બેઠી.

[**નવજીવન**]

(૧૩)

મહાવીર સ્વામીનું નામ તો તમે સાંભળ્યું હશે. તેઓ જૈન ધર્મના સ્થાપક હતા. આશરે ૨૫૦૦ વર્ષ ઉપર તેઓ એક રાજાને ત્યાં જન્મ્યા હતા. નાનપણથીજ તેઓ નિડર હતા. એક વખત તેઓ તેના નાના નાના મિત્રો સાથે રમતા હતા. તેવામાં તેઓની નજર એક સર્પ ઉપર

પડી. બીજા છોકરાઓ બીને નાસી ગયા પણ મહાવીરે તે સર્પ ઊંચકી ફેંકી દીધો. ભણવામાં પણ તેઓ ચપળ હતા. નવ વર્ષની ઉમરે તો એમણે વ્યાકરણ શીખી લીધું. એમના માતપિતાના મરણ પછી રાજ-ગાદી છોડી દઈ એઓ સત્યની શોધમાં નીકળી પડ્યા. એમણે બાર વર્ષ સુધી ઘણાં સંકટો વેઠી, આ પ્રયાસ જારૂ રાખ્યો અને ઇશ્વરી જ્ઞાન મેળવ્યું. એઓ કોઈ ઉપર ક્રોધ કરતા નહિ. સૌને તે ક્ષમા કરતા. ક્રોધ વગેરે અંતરના બધા શત્રુઓ એમણે જીતી લીધા, તેથી એમનું નામ મહાવીર પડ્યું. મહાવીર એટલેજ શૂરવીરમાં શૂરવીર. જ્ઞાન મેળવ્યા પછી ઘણાં વર્ષ એમણે ધર્મનો ઉપદેશ કર્યો અને જૈન ધર્મ ફેલાવ્યો. કોઇપણ જીવને મારવો નહિ, સર્વ પ્રાણી ઉપર દયા રાખવી એ એમનો ઉપદેશ હતો.

(૧૪)

જ્યારે મારી ઉમર સાતેક વર્ષની હશે ત્યારે રાજકોટની ગામઠી શાળામાં મને મૂકવામાં આવ્યો. એ શાળાના દિવસો મને સારી પેઠે યાદ છે. મહેતાજીઓનાં નામઠામ પણ યાદ છે. જેમ પોરબંદરના તેમ ત્યાંના અભ્યાસને વિષે પણ ખાસ જાણવા જેવું નથી. મેં કોઇપણ વેળા શિક્ષકોને છેતર્યાનું મને સ્મરણ નથી. નથી કોઈ મિત્રો કર્યાનું સ્મરણ. હું અતિશય શરમાળ છોકરો હતો.

હાઇસ્કુલના પહેલાજ વર્ષનો પરીક્ષા વખતનો એક બનાવ નોંધવા યોગ્ય છે. એજ્યુકેશનલ ઇન્સ્પેક્ટર શાળા તપાસવા આવ્યા હતા. પહેલા ધોરણના છોકરાઓને પાંચ શબ્દ લખાવ્યા હતા. તેમાં એક શબ્દ 'કેટલ' (Kettle) હતો. તેની જોડણી મેં ખોટી લખી. માસ્તરે મને પોતાના બૂટની અણી મારી ચેતવ્યો. પણ હું શાનો ચેતું ? મને એમ ભાસી ન શકયું કે માસ્તર મને સામેના છોકરાની પાટીમાંથી જોડણી સુધારવાનું કહે. માસ્તર તો અમે એકબીજાની ચોરી ન કરીએ એ જોતા હતા એવું મેં માનેલું. બધા છોકરાઓના પાંચે શબ્દ ખરા

પડયા ને એકલો હું ઠોઠ ઠર્યો! મારી 'મૂર્ખાઇ' મને માસ્તરે પાછળથી સમજાવી. પણ મારા મન ઉપર તે સમજની કશી અસર ન થઈ. મને બીજા છોકરાઓની પાસેથી ચોરી કરવાનું કદી ન આવડયું. આમ છતાં આ માસ્તર તરફ હું મારો વિનય કદી ન ચૂકયો. વડીલોનો દોષ ન જોવાનો ગુણ મારામાં સહેજે હતો.

[આત્મકથા—ગાંધીજી]

(૧૫)

મહાત્મા ગાંધીજી સને ૧૮૬૯ ના ઓકટોબરની બીજી તારીખે જન્મ્યા હતા. તેમને પોતાની જીંદગી કરતાં પણ સત્ય વધારે વહાલું છે. તેમને કોઈ પણ તરફ વૈરભાવ નથી. તેઓ પ્રાણીમાત્રને ચાહે છે. તેઓ ગરીબ અને અસહાય્યના ભલા માટે સતત કામ કર્યા કરે છે. અનેક રીતે તેઓ તેમની સેવા કરે છે. તેઓ શરીરે તો બહુ બળવાન નથી પણ તેમનું મનોબળ બહુ ભારે છે. તેઓ પોતાની પાસે કોડી પણ રાખતા નથી. તેઓ બહુ સાદું જીવન ગુજારે છે. દરેક કામ તે ઇશ્વર નિમિત્તે કરે છે, અને કદીપણ તે પ્રભુને વિસારતા નથી. તેમને ખાદી બહુ પ્રિય છે. તેમની ઇચ્છા છે કે આપણે બધા ખાદી બનાવતા અને પહેરતા થઈ જઇએ. હાલ તેઓ વર્ધા નજીકનાં ગામ, શેગાંવમાં રહે છે. તેઓ જગતના એક મહાન પુરૂષ છે. આપણે તેમને માટે મગરૂર છીએ અને તે આપણી વચ્ચે લાંબો વખત રહે એમ ઇચ્છીએ છીએ. એમના વિચાર પ્રમાણે મનુષ્યનો, દેશનો અને દુનિયાનો ઉદ્ધાર સત્ય અને અહિંસામય જીવનમાંજ છે.

(૧૬)

મેંગલોર ગયા ત્યાં ખબર પડી કે અમને મુંબઇ માટે આગબોટ મળી શકે છે. પ્રવાસમાં ત્રાસ નહિ, દરિયાની સુંદર હવા અને અપાર શાંતિ. ઉપરાંત રેલ મુસાફરી કરતાં ટૂંકી મુસાફરી અને ભાડું પણ ઓછું. એટલે અમે મેંગલોરથી ૨૭ મી એ આગબોટ લીધી.

ભટકલ અને કુમટા બંદર પહેલે દિવસે આવે છે, બીજે દિવસે ગોઆ આગળ આગબોટ ત્રણ ચાર કલાક ઉભી રહે છે, અને પછી ક્યાંએ બંદર ર્ક્યા વિના મુંબઇ આવે છે. ભટકલ બંદરે બે ત્રણ યુવકો આગબોટ ઉપર ચઢ્યા. આમાંના એકની સાથે મેં વાતો ચલાવી. તે ધારવાડ કોલેજના વિદ્યાર્થી હતા, અને નિયમિત ખાદી પહેરનાર હતા.

'તમારી કોલેજમાં તમારા જેવા ખાદી પહેરનારા કેટલા છે ? તમે એકલા જ કે ?'

'ના; ઠીક ઠીક સંખ્યા છે. પહેલાં હતા તેના કરતાં વધારે છે. લિંગાયત છોકરાઓ ખાદી પહેરે છે અને હિંદી શીખે છે'.

'તમે પણ હિંદી શીખો છો ના ?'

'હું દીલગીર છું, નથી શીખતો. શીખવાની ઇચ્છા તો ખરી.'

'ત્યારે તમને રોકે છે કોણ ?'

આના જવાબમાં તેમણે લાંબી કથા કહી.

[નવજીવન.]

(*E*) Notes on Passages for Translation.

– 1 –

નોખો ઉતારો આપવામાં આવ્યો હતો—had been given separate quarters.

મારા સ્વભાવ પ્રમાણે—as is my wont.

ભળી ગયો—mixed.

જાત મહેનત વિષે ચર્ચા કરવા લાગ્યો—engaged them in a discussion on self-help.

પ્રયોગ બહુ ગમ્યો—Strongly approved of the suggestion.

નવી ચીજ હોય તે ગમેજ, તે પ્રમાણે—if only because of their taste for novelty.

શિક્ષકો અનુકૂળ થાય તો—Provided teachers are favourable.

કામ પૂરતા ઉત્સાહથી ઝીલી લીધું—took the thing up with zest.

મધપૂડાની માફક ગણગણવા લાગ્યું—became a busy hive.

– *2* –

પરમ ભક્ત—a great devotee.

કટ્ટો દુશ્મન—inveterate enemy.

મારાઓ—assassins.

ઠંડો પડી ગયો—cooled down.

જેને માથે રામ તેનું લઈ શકે કોણ નામ ?—He who is protected by God is harmed by none.

– 3 –

રંગ બેરંગી—of different colours.

સુગંધીદાર—sweet smelling.

દેખાવડા—handsome.

હવા ફેરે—for a change (of air).

કુદરતી દશ્યો—natural scenery.

– 4 –

તરસ છીપાવવી—to quench one's thirst.

ફળદ્રુપ—fertile.

સાંઠા—*sticks* of sugar-cane.

રસ કાઢવો—to crush out the juice.

રાજાની દાનત બગડી ?—is my king guilty of greed ?

મહેસુલ—revenue.

– 5 –

રમુજી સંવાદ—an interesting conversation.

શરમાતાં શરમાતાં—blushing.

ત્યારે તમે મને વચન આપો છો તેનું શું થશે ?—Then what will happen to your promise ?

બાપડી મુંઝાઈ—she was in a quandary.

તમારા પતિ ઉપર તમારો પ્રભાવ કંઈ પડતો નથી ?—can't you exercise any influence over your husband ?

સંકોચ સાથે—with some hesitation.

– 6 –

શારીરિક તથા માનસિક શક્તિ—physical and mental powers.

થોડા પ્રમાણમાંજ—in small quantity.

ઉના પાણીમાં ભીંજવેલા લુગડાથી—with a towel soaked in hot water.

પીચકારી લેવી—to take enema.

કબજીઅત—constipation.

અજીર્ણ—indigestion.

વ્યગ્ર—excited.

– 7 –

અસલ સ્થાન—ancient home.

રાજ કરતી પ્રજા—ruling nation.

આવી વસ્યા—came and settled.

જીવમાત્ર પ્રત્યેની—towards all living beings.

દુકાળ—a famine.

ઈશ્વર ચિંતનમાં દશ વર્ષ ગાળ્યાં—spent ten years in meditation on God.

મન, વાણી, ને કર્મથી પવિત્ર રહેતા—was pure in thought, word and deed.

ઈશ્વરી જ્ઞાન—devine knowledge.

– 8 –

કપાસનું જીંડવું—a cotton pod.

પીંજારો—a carder.

પીંજવું—to card.

કાંતવું—to spin.

સૂતર—yarn.

વણકર—a weaver.

– 9 –

રાજધાનીનું શહેર—a capital.

જાહોજલાલી હતી—was prosperous.

જોવા જેવું—worth-seeing.

ઘાટ—a flight of steps.

પાવન થાય છે—purify themselves.

યાત્રાળુ—pilgrims.

ધર્મ શાળા—caravansary.

મઠો સ્થાપ્યા હતા—had founded seats of learning.

– 10 –

કાયદાનો મને રસ છે—I like the study of law.

કલ્પના ન થઈ શકે એવી વાત છે—you can have no idea of ...

જેમ તેમ ઘર ચલાવતી—managed the house any how.

પરવાનો મેળવ્યો—obtained the licence.

જીવનના પ્રશ્નની ઉકેલ એકાએક જડી ગઈ—solved all of a sudden the problem of my life.

– 11 –

ઈ. સ. પૂર્વે ત્રીજા સૈકામાં—in the third century B. C.
પ્રચાર કરેલો—preached.
ઐતિહાસિક સંબંધ—historical connection.
બચ્ચું—an offspring.
તોડ્યાં—pulled down.
વટાળ્યા—converted.

– 12 –

રંજાડતાં હતાં—were harassing.
તીણી ચીસ—shrill cry.
વીફરેલી—angry.
તૂટી પડી—attacked furiously.
એવો હેબતાઈ ગયો હતો કે—was so shocked that.
બચ્ચાને પોતાના પેટે વળગાડી—with her young one clung to her body.

– 13 –

સ્થાપક—a founder.
ચપળ—intelligent.
સત્યની શોધમાં—in search of truth.
અંતરના બધા શત્રુઓ—all internal enemies.
જૈન ધર્મ ફેલાવ્યો—spread Jainism.
ઉપદેશ—teaching.

– 14 –

મૂકવામાં આવ્યો—was admitted to.
છેતર્યાનું મને સ્મરણ નથી—I do not remember to have cheated.
શરમાળ—shy.
નોંધવા યોગ્ય—worth-noting.
બૂટની અણી મારી ચેતાવ્યો—warned me with the toe of his boot.
મને એમ ભાસી ન શક્યું—I could not believe.

માસ્તર તો અમે એક બીજાની ચોરી ન કરીએ એ જોતા હતા—the teacher was there to prevent us from copying.

ઢોઠ ઠર્યો—proved to be a dunce.

મારા મન ઉપર કશી અસર ન થઈ—left no impression on my mind.

હું મારો વિનય કદી ન ચૂક્યો—I could never be impolite.

વડીલો—elders.

– 15 –

વૈરભાવ નથી—bears no enmity to.

અસહાય્ય—the helpless.

સતત—constantly.

મનોબળ—will-power.

કોડી પણ—even a farthing.

સાદું જીવન ગુજારે છે—leads a simple life.

ઈશ્વર નિમિત્તે—in the name of God.

ઉદ્ધાર—salvation.

સત્ય અને અહિંસામય જીવનમાંજ છે—lies only in the life of truth and non-violence.

– 16 –

ત્રાસ—hardship.

અપાર શાંતિ—boundless peace.

નિયમિત ખાદી પહેરનાર—habitual wearer of khadi.

ઠીક ઠીક સંખ્યા—quite a fair number.

શીખવાની ઈચ્છાતો ખરી—I wish I could.